# સરકારી આયુર્વેદ દવાખાનામાં (ઓ.પી.ડી.) અને
# સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં ( ઓ.પી.ડી. અને આઈ.પી.ડી.)
# માં ઉપલબ્ધ સેવાઓ

(સરકારશ્રી દ્વારા કાર્યરત હોવાથી અહી તમામ સારવાર અને સુવિધા તદ્દન મફત આપવામાં આવે છે.)

---

## આઈ.પી.ડી.માં મળતી સેવાઓ

ઓ.પી.ડી. લેવલે ન મટી શકે તેવા દર્દીઓને દાખલ કરી જરૂરી પંચકર્મ, ક્ષારસૂત્ર ચિકિત્સા, અગ્નિકર્મ ચિકિત્સા, દંત ચિકિત્સા વગેરે સારવાર આપવામાં આવે છે.

૧. પંચકર્મ સારવાર અંતર્ગત –

- વમન – કફને લગતા તમામ રોગો માટે
- વિરેચન – પિત્તને લગતા તમામ રોગો માટે
- બસ્તિ - વાયુને લગતા તમામ રોગો માટે
- નસ્ય – જૂની શરદી અને માથાના રોગો માટે
- રક્તમોક્ષણ – લોહી તથા ચામડીને લગતા તમામ રોગો માટે
- સ્નેહન – સાંધા-સ્નાયુ-માંસપેશીના દુખાવા માટે
- સ્વેદન - મેદોરોગમાં ઉપયોગી
- શિરોધારા – વાળના રોગો અને **stress** વગેરે માટે
- ષષ્ટીશાલી પિંડસ્વેદ – લકવામાં ઉપયોગી સારવાર
- કર્ણપૂરણ – કાનના રોગો માટે
- અક્ષિતર્પણ – આંખના રોગો માટે
- જાનુબસ્તિ – ઢીંચણનાં રોગો માટે
- કટીબસ્તિ – કમરના રોગો માટે
- ગ્રીવાબસ્તિ – ગરદન/ડોકના રોગો માટે
- પૃષ્ઠબસ્તિ – પીઠના રોગો માટે
- હૃદબસ્તિ – હૃદયના રોગો માટે

વગેરે અલગ – અલગ રોગાનુસાર પંચકર્મ સારવાર આપવામાં આવે છે.

૨. ક્ષારસૂત્ર ચિકિત્સા – હરસ, મસા, ભગંદર જેવા જટિલ રોગોની સારવાર

૩. અગ્નિકર્મ ચિકિત્સા – સાંધાના રોગોમાં ઉપયોગી સારવાર

૪. જાલંધરબંધયોગ – દાંતનાં રોગોમાં પીડા રહિત દાંત પાડવાની સારવાર

૫. રક્તબસ્તિ – થેલેસેમિયા જેવા જટિલરોગોમાં વિશેષ સારવાર

૬. ઉત્તરબસ્તિ – વંધ્યત્વ માટે વિશેષ સારવાર

૭. મોબાઈલ વાન – તેના દ્વારા શહેર/તાલુકાના અંતરિયાળ ગામો સુધી આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

૮.અમૃતપેય વિતરણ – સંક્રામક રોગો અટકાવવા માટે તેમજ સ્વાસ્થ્યવર્ધન માટે આયુર્વેદ ઉકાળા વિતરણ કરવામાં આવે છે.

૯. ફીઝીયોથેરાપી – રોગાનુસાર વિવિધ કસરતો દ્વારા સારવાર

૧૦. કિચનગાર્ડન – રોજબરોજમાં ઉપયોગી ઔષધોનાં ઉછેર અને ઉપયોગ અંગે માર્ગદર્શન